
## વડીલોને વંદન અભિનંદન

### આજે જન્મદિવસ



સુશીલાબેન પ્રવિણાભાઈ રાણા
(૧૯૫૦) ફોન: ૨૩૨ ૩૦૩૦૪



શાંતિલાલ રણછોડદાસ મહેતા
(૧૯૩૪) ફોન: ૨૩૨ ૨૪૮૧૮

# ભીલડી રેલ્વે જંકશન નજીક જસાલી ગામ પાસે ટ્રેનને ઉથલાવી મારવાનું ષડયંત્ર

ડીસા, તા. ૫

આગામી પંદરમી ઓગષ્ટ પહેલા તહેવારોમાં આતંકવાદી યોજનાને અંજામ આપવા આતંકવાદીઓ ગુજરાતમાં પ્રવેશ્યા હોવાના ગુપ્ત ચર અહેવાલના પગલે સમગ્ર રાજ્યમાં સઘન ચેકીંગ હાથ ધરાઈ રહ્યું છે તેવાજ સમયે ડીસા તાલુકાનાં ભીલડી ગામે આવેલ રેલ્વે જંકશનથી માત્ર નવ કીલો મીટર દુર કેટલાક અજાણ્યા ઈસમોએ રેલ્વે ટ્રેકપર પથ્થરો અને લાકડાની આડસો મુકી રેલ્વેની ઉઠલાવી પાડવાનું ષડયંત્ર રચ્યું હતું. જેમા માલગાડી ચાલકની જાગૃકતાએ આ સમગ્ર મામલો બાર આવ્યો હતો. અને તે બાદ તાબડતોડ રેલ્વે પ્રોટેકશન ફોર્સના પોલીસ કર્મીઓએ ઘટના સ્થળે દોડી જઈ રેલ્વે ટ્રેક પરની મુકાયેલી આડસો દુરકરી આ સમગ્ર મામલાની ડોગસ્કોડ તેમજ એફ.એસ.એલ.ની મદદથી ઘનીષ્ઠતપાસ હાથ ધરેલ છે.

જેની વિગતો જોઈએ તો ગાંધીધામ જોધપુર ટ્રેન જોધપુર તરફ જઈ રહી હતી ત્યારે રાત્રીના અગીયાર કલાક અને વીસ મીનીટ આસપાસ આ ટ્રેન ભીલડી રેલ્વે જંકશનથી નવ કીલોમીટર દુર આવેલ જસાલી ગામ પાસે રેલ્વે ટ્રેક પર પથ્થરો અને આડશો મુકતા ટ્રેન ચાલક ચોંકી ઉઠ્યો હતો જોકે ટ્રેન ચાલકે સમય સુચકતા વાપરી ટ્રેનને રેલ્વે ટ્રેક પરથી ઉઠલાવી પડતી બચાવી લીધી હતી. જે બાદ ચાલકે આ ગંભીર મામલાની ભીલડી રેલ્વે જંકશનના આસીસ્ટન્ટ રેલ્વે માસ્ટર સીવલાલ મીણાને ઘટનાની જાણ કરતા તેઓએ તાત્કાલીક આ બાબતની જાણ તેમના ઉચ્ચ અધિકારીઓને કરી હતી.

અજાણ્યા શકશોએ આ ટ્રેક પરથી સમયાન્તરે બે વાર એક માલગાડી અને એક પેસેન્જર ટ્રેનને ઉઠલાવી પાડવા પથ્થરો અને લાકડાઓની આડસો મુકેલ હોવાનું રેલ્વે પોલીસની તપાસમાં બહાર આવ્યું હતું. આ બનાવ ભીલડી રેલ્વે જંકશનથી માત્ર નવ કીલોમીટર દુર જસાલી ગામ પાસે રાત્રી સમયે બન્યો હતો. જોકે રેલ્વેને ટ્રેક પરથી ગબડાવી સંભવીત અકસ્માત અને મોટા પાયે જાનહાની સર્જવાનું આ કાવત્રુ ઘડનાર અજાણ્યા ઈસમો બનાવને અંજામ આપી ભાગી છુટ્યા હતા.

આ મામલાની રેલ્વે પોલીસને જાણ થતા ઉચ્ચ અધિકારીઓ સહીતનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. આ મામલાની રેલ્વે પ્રોટકશન ફોર્શની પોલીસ દ્વારા ડોગ સ્કોડ અને એફ.એસ.એલ.ની મદદથી ઘનીષ્ટ તપાસ હાથ ધરાતા સમગ્ર રેલ્વે તંત્રમા સનસનાટી ફેલાઈ હતી.

## સાબરકાંઠા સ્કાઉટ ગાઈડની બેઠક યોજાઈ

હિંમતનગર, તા.૫

સાબરકાંઠા જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડની જનરલ બેઠક ગ્રોમોર વિદ્યા સંકુલ ખાતે તાજેતરમાં ગુજરાત રાજયના રાજય કક્ષાના શિક્ષણ મંત્રી અને ગુજરાત ભારત સ્કાઉટ ગાઈડના ઉપપ્રમુખ જયસિંહ ચૌહાણના અધ્યક્ષપદે યોજાઈ હતી.

બેઠકના પ્રારંભે સંઘના જિલ્લા મંત્રી રામભાઈ ચારણે વર્ષ ૨૦૧૧-૨૦૧૨ની પ્રવૃત્તિઓનો અહેવાલ રજુ કર્યો હતો જયારે ગાઈડ કમિશનર ડૉ. ભારતીબહેન ચૌધરીએ જિલ્લા ગાઈડ પ્રવૃત્તિ વિશે માહિતી અને વિવિધ જાણકારી આપી હતી તથા ચાલુ વર્ષે રાષ્ટ્રપતિ અને પુરસ્કાર માટે ગાઈડની વિદ્યાર્થીનીઓને ભાગ લેવા અનુરોધ કર્યો હતો. ઉપરાંત દિલ્હીઅને પંચમઢી ખાતે તાલીમ પામેલા રેન્જર અને લીડરનું સન્માન કરવામાં આવ્યું હતું. જયારે સાબરકાંઠા જિલ્લા ભારત સ્કાઉટ સંઘ સાબરકાંઠાને ૫૦ વર્ષ પૂર્ણ થાય છે તો આ વર્ષે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાશે. આ બેઠકમાં જિલ્લાની વિવિધ પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા અને કોલેજમાંથી ૨૫૦ જેટલા સ્કાઉટ ગાઈડના શિક્ષકભાઈ બહેનો હાજર રહ્યા હતાં. આ પ્રસંગે મોટી સંખ્યામાં આમંત્રિત મહાનુભાવો હાજર રહ્યા હતાં.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

# ડીસા શહેર પોલીસે ઝડપેલ શંકાસ્પદ ઘીના જથ્થાનાં સેમ્પલ બદલવા હીલચાલ

ડીસા, તા. ૫

ડીસા શહેર પોલીસે ગઈ કાલ સાંજે રીસાલા મંદીર પાસેથી એક વખારમાંથી શંકાસ્પદ ઘીનો જથ્થો ઝડપી પાડ્યો હતો. આ ઘી વિવિધ ડુપ્લીકેટીંગ વ્યવસાયમાં સંડોવાયેલા વહેપારીઓ દ્વારા વેચાણ અર્થે ટ્રાન્સપોર્ટ મારફતે અન્યેત્ર મોકલવામાં આવી રહ્યું હતુ. જોકે શહેર પોલીસની ધ્યાનમાં આવતા પોલીસે દરોડો પાડ્યો હતો અને શંકાસ્પદ ઘીના નાનામોટા પચ્ચીસો સુડતાલીસ ડબ્બાઓ ઝડપ્યા હતા આ મામલે પોલીસે જાણવા જોગ નોંધ કરી ઝડપાયેલ માલ ઝપ્ત કરતા સમગ્ર ઘી માર્કેટના વહેપારીઓમાં સંન્નાટો છવાયો હતો અને શહેર પોલીસ મથકે મોડી રાત સુધી આ શંકાસ્પદ ઘીને શુધ્ધઘી તરીકે ખપાવવા તેના સેમ્પલ ખોરાકઅને ઔષધ નિયમન તંત્રના અને વહેપારીઓના મળતીયા અધિકારીઓ દ્વારા લેવાય તો સેમ્પલ ફેર બદલી કરી શકાય તેવા આશાયથી આ વહેપારીઓએ શહેર પોલીસ મથકને મોડી રાત સુધી ઘમરોળ્યું હતુ જોકે પોલીસે નિષ્ઠા દાખવી મચક આપી ન હતી અને પંચોરૂબરૂ જાતેજ શીલ બંધરીતે આ સેમ્પલો તપાસ અર્થે એફ.એસ.એલ મોકલવાની તજવીજ હાથ ધરી હતી. જેનાથી સેમ્પલ બદલવાની સબંધીત વહેપારીઓની મેલી મુરાદ બર આવી નહતી

જેની વિગતો જોઈએ તો વહેપારી મથક ડીસામાં છેલ્લા ઘણા સમયથી અખાધ્ય પદાર્થોની મીલાવટથી બનાવાયેલ અશુધ્ધ ઘી અને ડીસ્કો તેલ બ્રાન્ડેડ કંપનીઓના માર્કા લગાવી મુક્ત બજારમાં શુધ્ધતાના લેબલ તળે વેચવામાં આવે છે. અખાધ્ય ઘી, તેલ ,મરચુ, અને હળદર માં મોટા પ્રમાણમાં મીલાવટ કરી ડીસા સહીત આંતર રાજય રાજસ્થાનમાં વેચાણ કરાઈ રહેલ છે. ડીસામાં અશુધ્ધ ઘી અને ડીસ્કો તેલ બનાવતી અનેક નાની મોટી ફેકટરીઓ ફુડ અને ડ્રકસ વિભાગના અધીકારીઓની મીલી ભગતથી ધમધમી રહી છે. તે બાદ ગઈકાલે ડીસા શહેર પોલીસે મળેલ બાતમીના આધારે રીસાલા મંદીર પાસે આવેલ એક ખાનગી ટ્રાન્સ્પોર્ટ કંપનીની વખારમાંથી વિવીધ માર્કાના શંકાસ્પદ ઘી ના ડબ્બાઓ ઝડપી પાડતા ડીસામાં ફુડ વિભાગની ભેળસેળીયા વેપારીઓ સાથેની સાંઠ ગાઠ ખુલ્લી પડી છે.


ડીસાના રીસાલા મંદીર પાસે આવેલી એક ખાનગી ટ્રાન્સપોર્ટ કંપનીની વખારમાં અશુધ્ધ ઘી રખાયેલ હોવાની શહેર પી.આઈ આર.એમ.ભદોરીયા ને બાતમી મળી હતી. આ બાતમી આધારે શહેર પી.આઈએ જન આરોગ્ય જોખમ રૂપ અશુધ્ધ ઘી ઝડપી પાડવા બાતમી વાળી ખાનગી ટ્રાન્સપોર્ટની વખાર પર પંચો રૂબરૂ દરોડો પાડયો હતો. આ દરોડા કાર્યવાહીમાં પોલીસ હાથે શકમંદ એવા ઘી નો વિપુલ જથ્થો મળી આવ્યો હતો. આ શકમંદ ઘી બ્રાન્ડેડ શુધ્ધ ઘી કંપની ડેરી મીલ્ક ના નામે તેમજ ગંગોત્રી, આર્શીવાદ, મોહીત્રા, કનૈયા , યશોદા ,ગગન, તેમજ સંજીવીન ના નામે વખારમાંથી મળી આવ્યા હતા. શુધ્ધ ઘી ના નામે આ તમામ લેબલો લગાવી મુકત બજારમાં વેચાણ અર્થે આ જથ્થો લાવ્યો હોવાનુ પોલીસની પ્રાથમીક તપાસમાં બહાર આવેલ છે. શહેર પોલીસે હાથે ઝડપાયેલ આ જથ્થામાં પંચ્યાસી કાર્ટુન તેમજ પંદર ડબ્બા સહીત અંદાજીત નાનમોટા પચ્ચીસો સુડતાલીસ ડબ્બા કીંમત રૂપિયા ચાર લાખ બાણું હજારનું શકમંદ ઘી ઝડપાયું હતું. આ શકમંદ ઘી ડીસામાં શુધ્ધ ઘી ના નામે અનેક વેપારીઓ વર્ષોથી વેચી રહ્યા છે. શહેર પોલીસ આ જથ્થો સંગ્રહીત કરનાર ટ્રાન્સપોર્ટ માલીક ની કડકાઈએ જાહેર આરોગ્ય અને જાહેર હીતને નજર સમક્ષ રાખી પુછ પરછ હાથ ધરે તો અનેક મોટા માથાઓની સંડોવણી બહાર આવશે તેવુ સુત્રોએ જણાવ્યું હતું.

આ સમગ્ર મામલામાં ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગની નિષ્ક્રિયતા અને મીલી ભગત બહાર આવી હતી. એટલુજ નહી. આ શંકાસ્પદ ઘીના સેમ્પલો ફુડ વિભાગ દ્વારાજ લેવામાં આવે તેવા પ્રયત્નો હાથ ધરાયા હતા. સમગ્ર મામલામાં ઘીની શુધ્ધતા એફ.એસ.એલ આધારીત હોઈ સેમ્પલો ફુડ વિભાગના મળતીયા અધિકારીઓ દ્વારા લેવાય તો સેમ્પલો બદલી શકાય તે આશાયથી વહેપારીઓએ પ્રયત્નો હાથ ધરીયા હતા. જેકે પોલીસે જાતેજ સેમ્પલો લેબોરેટરીમાં મોકલવાનો પ્રયાસ હાથ ધરતા વહેપારીઓનો આ પ્રયાસ નિષ્ફળ નિવડ્યો હતો. આ મામલે શહેર પી.આઈ આર.એમ.ભદોરીયાએ ધનિષ્ઠ તપાસ હાથ ધરેલ છે.

## સમાચાર ઝલક

- દિલ્હીમાં એર-હોસ્ટેસની આત્મહત્યા, તે માટે હરિયાળાનાં એક મંત્રી સામે કેસ.
- રાજકોટના કુવાડવા રોડ પર આઇ.સી.આઇ. સી.બેંકનું એ.ટી.એમ. તોડવાનો પ્રયાસ.
- અમરેલી-સાવરકુંડલામાં વીજળી પડવાની ઘટના.
- નશામાં ડ્રાઇવીંગ કરનાર સામે કડક સજા થશે : સુપ્રીમનો આદેશ.
- ભારત આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રેટીંગમાં બીજા નંબરે.
- અછત હોવા છતાં ભાવનગર જિલ્લામાં કપાસના વાવેતરમાં નંબર વન.
- સુરતમાં અંકુર વિદ્યાલયમાં ચોરોનો હાઇટેક ફેરો.
- વડોદરા એમ.એસ. યુનિવર્સિટીમાં ઓળખપત્ર વિના પ્રવેશ બંધ.
- અમદાવાદીઓ વૈભવી કાર માટે ઘેલા, ચાર માસમાં ૨૫૦થી વધુ ગાડીઓ નોંધાઇ.
- ૧૫મી ઓગષ્ટે ગુજરાતમાં ત્રાસવાડી હુમલા સામે સુરક્ષા તંત્ર એલર્ટ, ૩ ત્રાસવાદી ગુજરાતમાં ઘૂસ્યા હોવાની આશંકા.
- ઉત્તરાખંડમાં વાદળ ફાટતાં ૩૩થી વધુ મોત, અનેક ગામો સંપર્ક વિહોણાં.
- નિવૃત્ત હર્ષ બ્રહ્મભટ્ટને મુખ્યમંત્રીના કાર્યાલયમાં અધિક સચિવનાં આદેશ થયા.
- આસામમાં હિંસા બાદ રોગચાળો અને પુરનાં કારણે લોકો અસરગ્રસ્ત બન્યાં.
- માન સરોવરની યાત્રા માટે હિન્દુઓને સબસીડી તામિલનાડુમાં મળશે : મુખ્યમંત્રી જયલલિતાએ આદેશ કર્યો.
- સીંગદાણાની નિકાસબંધીથી સીંગતેલના ડબ્બામાં ૩૦ રૂપિયાનો ઘટાડો.

## શબ્દાવલી - ૪૮૦૯



**આડી ચાવી**

૧. કુઠારનો ઘા, આઘાત (૫)
૬. પાણીમાં થતાં બારીક જીવ (૨)
૮. વાડી રે વાડી શું કહો છો... બાળવાર્તા (૬)
૯. 'રાયણ' શબ્દ આડોઅવળો (૩)
૧૦. આજ્ઞા, મનાઈ (૨)
૧૧. ઈદના તહેવારમાં મોટા લોકો બાળકોને ભેટ કે પૈસા આપે તેને... કહેવાય (૨)
૧૪. દારૂ, શરાબ (૩)
૧૫. દરિયો ખેડનાર (૫)
૧૬. ભેંસનું નર બચ્ચું (૨)
૧૭. દરજી, સઈ (૨)
૧૮. પતરાવળ, ભાણુ (૪)
૧૯. દહીંમાંથી પાણી કાઢી શીખંડ માટે બનાવેલ મઠો (૩)

**ઊભી ચાવી**

૧. નૈસર્ગિક, સ્વાભાવિક (૪)
૨. ખાલી, ભરેલા ના હોય તેવા (૨)
૩. રાત્રે સુગંધ ફેલાવતા ફુલની વેલ (૪)
૪. ઊંઘથી ઘોરવું તે (૩)
૫. ગણિકા, નાચ-ગાન કરી ગુજરાત ચલાવનાર સ્ત્રી (૪)
૭.લગ્ન પ્રસંગે વપરાતો દીવો (૬)
૧૦. સતોલિયા જેવી બાળ રમત (૬)
૧૨. સાથીદાર, ખરાબ કામનો ભાગીદાર (૪)
૧૩. ચોકીદારી, ચોકી (૪)
૧૭. સોગન, કસમ (૨)

### શબ્દાવલી ૪૮૦૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) કસ્તુરબા (૩) વામણું (૫) રીજવણી (૭) કશમકશ (૧૧) ડુક્કર (૧૨) નજરાણું (૧૪) રજા (૧૬) દસકો (૧૯) ખભા (૨૧) લાશા (૨૩) ડચકારવું (૨૫) પખાળવું (૨૬) મલક

**ઊભી ચાવી :-** (૧) કચકડું (૨) બારીક (૩) વાવ (૪) મણી (૬) જશન (૮) શક્કર (૯) મરજાદ (૧૦) ટાણું (૧૩) જમ (૧૫) વિલાપ (૧૭) સડવું (૧૮) કોચ (૧૯) ખરલ (૨૦) ભાવુક (૨૨) શાખા (૨૪) કામ

## ગિફ્ટ સિટીની સેફ્ટી માટે..

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગિફ્ટ સિટીમાં હાલના તબક્કે ૭૮૦૦૦ કરોડનું મૂડીરોકાણ થઈ રહ્યું છે. રાજ્ય તેમજ કેન્દ્ર સરકારના જાહેર સાહસોને ઓફિસો લેવા માટેની દરખાસ્ત મોકલી દેવામાં આવી છે. સરકારે ૬૭૩ એકર જમીન સંપાદન કરી છે જેમાં ૩૪ ટકા ગ્રીન ડેવલપમેન્ટ છે જ્યારે ૨૮ ટકા વિસ્તારમાં કોમર્શિયલ બાંધકામને મંજૂરી અપાઈ છે. આ સિટીમાં સૌથી વધુ ૩.૬૫ની એફએસઆઈ મંજૂર કરવામાં આવી છે. ૨૦૦ કરોડના ટેન્ડરો બહાર પાડી કામ શરૂ કરવામાં આવ્યા છે.

ગિફ્ટ સિટી પાસે એક કિલોમીટર લાંબા અને સાત મીટર ઉંડા સમૃદ્ધિ સરોવરનું નિર્માણ કાર્ય પણ ચાલી રહ્યું છે. ગિફ્ટ સિટીમાં વાયા કોબા થઈને એરપોર્ટ સુધીની મેટ્રોરેલનો પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યો છે તેમજ બીઆરટીએસને અહીં સુધી લંબાવવામાં આવી છે. રાજ્યના ચીફ સેક્રેટરીના અધ્યક્ષપદે બનાવવામાં આવેલી એમ્પાવર્ડ કમિટિની બેઠકમાં કુલ ૧૦ સભ્યો ઉપસ્થિત રહ્યાં હતા. સિટી માટે સરકારે સિંગલ વિન્ડો સિસ્ટમ ઉભી કરી છે.

## એકરૂપ થઈ ગઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર આવી ગઈ. અત્યારે સારા હિલર ધો. ૧૧ના આર્ટસના વિષયમાં એમ.બી. પટેલ હાઈસ્કૂલમાં ભારતીય વિદ્યાર્થીઓ સાથે એક બેન્ચ પર બેસી અભ્યાસ કરી રહી છે.

હજી ગઈકાલે જ સારાએ એનો જન્મદિવસ આપણાં રિતરિવાજ મુજબ તિલક લગાવીને કર્યો. નિતીનભાઈએ એને ચણીયાચોળી ગિફ્ટ કરી જે એ આવનારી નવરાત્રિમાં પહેરીને ગરબા લેશે જેની એણે પ્રેક્ટીસ પણ ચાલુ કરી છે... જર્મની-ફ્રેન્ચ-ઈટાલીયન-અંગ્રેજી જાણતી સારાએ 'નમસ્કાર' શબ્દ સાથે હિન્દી અને 'કેમ છો?' સાથે ગુજરાતી શિખવાનું ચાલુ કર્યું છે...

ભારતીય શિક્ષણ પદ્ધતિ એને એકદમ ડિસીપ્લીન લાગે છે, જર્મનીમાં ડ્રેસ કોડ નથી, યુનિફોર્મ નથી અને છોકરા-છોકરી જેવો ભેદભાવ નથી તેથી અહીં અહીં એને થોડું અલગ લાગે છે. જર્મન લોકો જે હોય તે સ્પષ્ટ વાત કરે જ્યારે આપણે ફેરવીને વાત કરીએ છીએ એવું એનું માનવું છે... જર્મનીમાં માત્ર ક્રિસમસનું જોર વધારે છે જ્યારે ભારતનાં દરેક રંગીન અને અવનવાં તહેવારથી તે અત્યંત રોમાંચીત છે.

સારાએ બર્થ ડે માટે ખાસ મહેંદી મુકાવી, એને ભારતીય કપડાં, ઘરેણાં, ચણીયાચોળી, હાથીદાંતના બલૈયા, વિવિધ પ્રકારની હેર સ્ટાઈલ, દેવી-દેવતાના શણગાર, મંદિરોની આરતી, ધાર્મીક સ્થળોની મુલાકાત અને અહીંના લોકોનો આતિથ્ય સત્કાર અત્યંત પ્રભાવીત કરે છે.

સારા હિલર એનાં એક વર્ષનાં રોકાણમાં અહીંથી ભારતીય રસોઈ કળા અને ગરબા ખાસ શીખીને જવા માંગે છે. ગુજરાતી-હિન્દી ભાષા શિખવા સાથે એ હોળી, દિવાળી, નવરાત્રિ જેવાં સૌનાં માનીતા તહેવાર જર્મનીમાં જઈ ઉજવવાં માંગે છે... કલ્ચરલ એક્ષચેન્જ અન્વયે ભારતીય સંસ્કૃતિ વિશ્વવ્યાપી બને એ માટે નિતીન ઠાકર જેવાં સ્વયંસેવકોની ફરજ તારીફે કાબીલ છે, બહારનાં દેશોમાં આપણી સંસ્કૃતિની સુવાસ આ સારા હિલર લઈને જશે એમાં બે મત નથી.

જર્મનીની સારા હિલર 'નમસ્કાર' કહેવા લાગી છે...

## પ્રચાર કરશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરશે. ભારત અને ગુજરાતની સંસ્કૃતિ અંગે ત્યાંના વિદ્યાર્થીઓને તે વાકેફ કરશે.

એકસચેન્જ વિઝિટર તરીકે જે-૧ વિઝા દેવર્ષને મળ્યા છે. આગામી ૨૦૧૩ના જુલાઈ સુધી તે ત્યાં રહેશે. દર મહિને દોઢસો ડોલર જેટલી સ્કોલરશીપ પણ સંસ્થા તેને ચુકવશે.

કલ્ચરલ એકસચેન્જ પ્રોગ્રામમાં ભાગ લેવા જઈ રહેલો દેવર્ષ ખુબ જ ઉત્સાહિત છે તે કહે છે કે 'હું ભારતની ખાસ કરીને મારા પ્રદેશ ગુજરાતની વાત ત્યાંના લોકોને કરીશ. આપણી સંસ્કૃતિ અને સંસ્કારની ખુશ્બુ અમેરિકામાં ખુબ સારી રીતે ફેલાવીશ તેનો મને વિશ્વાસ છે.'

સ્ટુડન્ટ એકસચેન્જ પ્રોગ્રામ હેઠળ દેવર્ષનો પરિવાર હોસ્ટ ફેમિલીની ભૂમિકા ભજવી રહ્યો છે અને જર્મનીની વિદ્યાર્થીની મન્નોન ને પોતાની સાથે એક વર્ષ ઘરમાં રાખશે.

## પ્રશ્નો નિવારવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દ્વારા વિવિધ વિભાગો વચ્ચે ખૉ અપાતા આવા પ્રશ્નો સંદર્ભે જિલ્લા કલેકટરને રજુઆત કરવામાં આવી છે. જેમાં માર્ગ-મકાન, શહેરી વિકાસ, કાયદો અને વ્યવસ્થા, વનતંત્ર તેમજ વાહન વ્યવહાર સંબંધિત આંતરિક સંકલનના અભાવે સમસ્યાઓને ખૉ અપાતો હોવાનું પણ જણાવાયું છે. શહેરને સ્પર્શતા આ પ્રશ્નો સંદર્ભે વિવિધ વિભાગો વચ્ચે સંકલન સાધી સમસ્યાઓ નિવારવા આગામી દિવસોમાં જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં એક બેઠક યોજવામાં આવનાર છે. મહામંડળના પ્રમુખ અરૂણ બૂચે આ અંગે જણાવ્યા અનુસાર આ બેઠક દરમિયાન સંસ્થાના પ્રતિનિધિઓ દ્વારા એક થી બીજા વિભાગમાં અથડાતા પ્રશ્નોના નિવારણ માટે રજૂઆત કરાશે.

## કંપની સમાચાર

### ૩૬ લાખ નવકાર આલેખન અનુષ્ઠાન

#### શ્રી પરિમલ જૈન સંઘના ઉપક્રમે નવકાર મહામંત્રનો જાનદાર અવસર

બંધુબેલડી પૂ. આચાર્યશ્રી જિનચંદ્રસાગર સુરિશ્વરજી મ.સા. તથા પૂ. આચાર્યશ્રી હેમચંદ્રસાગર સુરિશ્વરજી મ.સા.ની પ્રેરણાથી અમદાવાદ ખાતે ૩૬ લાખ મહામંત્ર આલેખન અનુષ્ઠાન યોજાનાર છે. ૧૮૬૦ વર્ષ પુરાણા શ્રી મહાવીર ભગવાનના સાનિધ્યમાં શ્રી પરિમલ જૈન સંઘના ઉપક્રમે અમદાવાદમાં સૌ પ્રથમ વખત નવકાર મંત્રનો જાનદાર અવસર યોજાયો છે. સંસ્કાર કેન્દ્ર, પાલડી ખાતે તા.૧૨ ઓગસ્ટથી આ અનુષ્ઠાનનો પ્રારંભ થશ અને તમામ સાધકોને વિધિપૂર્વક મંત્ર દિક્ષા તથા આલેખન પોથી અર્પણ કરવામાં આવશે. સતત ૧૦૦ દિવસ સુધી જૈન-જૈનેતર શ્રાવકો દરરોજ વિધિપૂર્વક નવકાર મંત્ર ઘૂંટશે. શ્રાવકો ૨૫મી નવેમ્બરના રોજ આ મંત્રપોથી પરત કરશે અને શ્રી અયોધ્યાપુરમ તીર્થ નવકાર શક્તિપીઠમાં પધરાવવામાં આવશે. અંદાજે ૪૦૦૦ થી ૫૦૦૦ સાધકો આ અનુષ્ઠાનમાં ભાગ લેશે.

આ કાર્યક્રમ અંગે જાણકારી આપવા યોજાયેલી પત્રકાર પરિષદમાં મહારાજશ્રી પૂ. આચાર્યશ્રી હેમચંદ્રસાગર સુરિશ્વરજીએ જણાવ્યું હતુંકે, નવકાર મંત્રને મંત્ર વિશારદો મહામંત્ર તરીકે નવાજે છે, કારણ એ છે કે, બીજા બધા મંત્રો પોતાનું ફળ બતાવવા માટે પુણ્યના પીઠબળની અપેક્ષા રાખે છે. જ્યારે નવકાર મહામંત્રમાં પુણ્યનું બેલેન્સ ન હોય તો પણ મંત્ર ઉપાસકને સહાય કરે છે. મહામંત્રમાં તકલીફ ઉભી કરનારા પાપને હટાવી દેવાની શક્તિ છે. નવકાર મહામંત્રએ આફત, પીડા, અંતરાય કે વિઘ્નને દૂર કરવાનો મૂળગામી ઉપાય છે અને એટલે જ એને મહામંત્ર કહેવાય છે.

### અરેના એનિમેશનનો ૧૫માં વર્ષમાં પ્રવેશ

અરેના એનિમેશન સી.જી. રોડ અને મણીનગર ૧૫માં વર્ષમાં પ્રવેશ સાથે આ વર્ષ સ્ટુડન્ટસ કેરીયર તરીકે ઉજવી રહ્યું છે. આ વર્ષ દરમ્યાન વિદ્યાર્થીઓને ભણતરની સાથે સાથે ઈન્ડસ્ટ્રી એકપોસર અને પ્રેકટીકલ નોલેજ મળતું રહે તે માટે ૩૬ જેટલી વૈવિધ્ય સભર પ્રવૃત્તિઓનું આયોજન કરેલ છે, જેના ભાગ રૂપે દર વર્ષે યોજાતી સ્ટુડન્ટ વર્ક કોમ્પીટીશન Creative Hunt 2012 નું આયોજન તારીખ ૪ અને ૫ ઓગસ્ટને દિવસે સી.જી. રોડ ખાતે અને તારીખ ૧૧ અને ૧૨ ઓગસ્ટના દિવસે મણીનગર ખાતે કરવા જઈ રહ્યા છીએ, જેમાં આશરે ૩૫૦ જેટલા વિદ્યાર્થીઓએ પેકેજીંગ, ગ્રાફિક ડિઝાઈનીંગ, વેબ ડિઝાઈનીંગ, 3D મોડેલીંગ, 3D એનીમેશન, વીએસએકસ સોર્ટ ફિલ્મ, સ્કેચીંગ, કલે મોડલીંગ, જેવા વિષયો ઉપર લાઈવ પ્રોજેકટ બનાવેલ છે, જેનું તેમના મિત્રો, સ્વજનો, વાલીઓ તથા આ ઈન્ડસ્ટ્રીના એકસપર્ટ આવી વોટીંગ કરશે અને વધુ વોટ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીને કેટેગરી પ્રમાણે વિજેતા ઘોશીત કરવામાં આવશે.

આ દિવસે Creative Hunt ની સાથે સાથે Mega Job Fare નું પણ આયોજન કરેલ છે, જેમાં આશરે ૮ થી ૧૦ કંપની જોબ ઈચ્છુક ૫૦ જેટલા વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યું લેશે અને તેમને Job offer કરશે.

### ચિરાગ ઈન્ફ્રાસ્ટ્રકચર દ્વારા બે જ મહિનામાં ૧૦૦૦ પ્લોટના વેચાણની ભવ્ય સફળતા સાથે બમ્પર લકી ડ્રોની જાહેરાત

છેલ્લા કેટલાક સમયથી રીઅલ એસ્ટેટ ક્ષેત્રે એક નવો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. જ્યાં એક બાજુ ખાસ કરીને રેસિડન્સિયલ સ્કીમોમાં મંદીનો ઓછાયો જોવા મળી રહ્યો છે ત્યારે બીજી બાજુ હવે રીઅલ એસ્ટેટમાં પ્લોટિંગ સ્કીમની ડિમાન્ડ ખૂબ જ જોવા મળી રહી છે. અમદાવાદની જાણીતી ઈન્ફ્રાસ્ટકચર કંપની ચિરાગ ઈન્ફ્રાસ્ટ્રકચરે, કે જે દ્વારા માત્ર બે મહિનાના ટૂંકા ગાળામાં ૧૦૦૦થી વધુ પ્લોટ્સનું વેચાણ કરવામાં આવ્યું છે અને તે પણ અમદાવાદથી દૂર અને સુરેન્દ્રનગર નજીક રૂરલ અર્બન વિસ્તારમાં. કંપનીના સલાહકાર રમેશ રાઠોડ હાજર રહ્યાં હતાં.

ચિરાગ ઈન્ફ્રાસ્ટ્રકચર ગ્રુપ દ્વારા સુરેન્દ્રનગરના પાટડી તાલુકામાં પીપીળી બજાણા રોડ પર ૧ લાખ ૯૩ હજાર વાર જેટલી જમીનમાં ૧૧૪૭ પ્લોટની ભવ્ય અને વિશાળ પ્લોટિંગ સ્કિમનું લોન્ચિંગ કરવામાં આવ્યું. પ્રકૃતિ અને કુદરતનો સમન્વય સાધતી એવી આ સુંદર પ્લોટિંગ સ્કીમનું ૨૨મી મે ૨૦૧૨ના રોજ કંપની દ્વારા શુભારંભ કરવામાં આવેલ છે. ચિરાગ ઈન્ફ્રાસ્ટ્રકચર દ્વારા તેમની આ સફળતામાં સહભાગી થનાર સભ્યો એટલે કે પ્લોટિંગ હોલ્ડરો માટે પ્રથમ બમ્પર લકી ડ્રોની જાહેરાત કરવામાં આવી છે. આ ડ્રો ૫મી ઓગસ્ટ ૨૦૧૨ના રોજ સ્કીમની સાઈટ પાસે યોજવામાં આવશે. આ લકી ડ્રોમાં બે બમ્પર મુખ્ય ઈનામો રહેશે જેમાં ફોર વ્હીલર આપવામાં આવશે. જ્યારે ૫૦ આશ્વાસન ઈનામો આપવામાં આવશે. આ ભવ્ય સફળતાની અને લકી ડ્રોની ઉજવણીને લઈને ચિરાગ ઈન્ફ્રાસ્ટ્રકચર દ્વારા તમામ સભ્યો માટે ખાસ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રથમ બમ્પર લકી ડ્રો બાદ ગુજરાતના વિવિધ મુખ્ય શહેકોમાં પણ ડ્રો કરાશે અને તેની તથા પરિણામની જાણ સભ્યોને એસએમએસ દ્વારા કરાશે.

### ઈટાલીના પનેરિયાગૃપ અને ભારતની એશિયન ગ્રેનિટો દ્વારા 'બેલિસિમો' બ્રાન્ડ હેઠળ હાઈ-એન્ડ લકઝરી ટાઈલ્સની રજૂઆત

વિશ્વભરમાં સૌથી વિશાળ સિરામિક ટાઈલ્સ કંપનીઓ પૈકીની એક એવી ઈટાલીની પનેરિયાગૃપ ઈન્ડસ્ટ્રી સિરામિક એસપીએ અને ભારતમાં ટાઈલ્સનું ઉત્પાદન કરતી મોખરાની કંપની એશિયન ગ્રેનિટો ઈન્ડિયા લિમિટેડ સાથે મળીને ભારતમાં હાઈ-એન્ડ લકઝરી ટાઈલ્સના બજારની માગ સંતોષવા માટે ૫૦:૫૦નો ગુણોત્તર ધરાવતી નવી સંયુકત સાહસરૂપ કંપની- પનેરિયા એશિયન પ્રા. લિ.ની રચના કરશે. આ સાહસના ઉત્પાદનો 'બેલિસિમો- સ્ટાઈલ ઈટાલિયાનો' બ્રાન્ડ હેઠળ વેચાશે. જેમાં ઈટાલીની ભવ્યતા, ટેકનોલોજી અને નાવિન્યતા પ્રતિબિંબિત થશે. આ કંપની આગામી ૩-૫ વર્ષ દરમિયાન ઉત્પાદન તથા દેશભરમાં લકઝરી ટાઈલ્સ માટેનું વિતરણ માળખું સ્થાપવા માટે રૂા. ૧૦૦ કરોડનો ખર્ચ કરવાની યોજના ધરાવે છે.

વિશ્વના આશરે ૧૦૦ દેશોમાં ઉપસ્થિતિ ધરાવતું, ૩૦૦ મિલિયન યુરોનું પનેરિયાગૃપ હાઈ-એન્ડ અને લકઝરી વર્ગના ચિનાઈ માટીના ફલોરિંગ અને વોલ કવરિંગ્સના ઉત્પાદન અને વિતરણ ક્ષેત્રે વિશ્વભરમાં મોખરે છે. કંપની ઈટલી, પોર્ટુગલ અને યુએસએમાં ઉત્પાદન સુવિધા ધરાવે છે. એશિયન ગ્રેનિટો ઈન્ડિયાએ રૂા. ૬૨૦ કરોડની કંપની છે, જે એનએસઈ અને બીએસઈ ખાતે લિસ્ટ થયેલી છે. એશિયન ગ્રેનિટો દેશભરમાં વિતરણનું મજબૂત માળખું ધરાવે છે અને ગુજરાતમાં તેના પાંચ મેન્યુફેકચરિંગ પ્લાન્ટ છે. આ નવી પહેલને આવકાર આપતા, એશિયન ગ્રેનિટો ઈન્ડિયા લિમિટેડના ચેરમેનશ્રી કમલેશ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના અમદાવાદમાં વડુંમથક ધરાવતી આ સંયુકત સાહસરૂપી કંપની એક એકસકલુઝિવિટિ કરાર હેઠળ પનેરિયાગૃપના ઈટલીમાં બનેલા શ્રેષ્ઠ ઉત્પાદનો અને એશિયન ગ્રેનિટોના ભારતીય પ્લાન્ટ્સમાં બનેલ કલેકશન્સ પૈકીના ચુનંદા ઉત્પાદનો પૂરા પાડશે.